R.N.I. No. : GUJGUJ/2000/447- Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિધ્ધ થતું સાપ્તાહિક

આપનું લવાજમ બાકી છે ?(હા)- (ના) (સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો)

If undelivered pl. return to;
કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા . (મો)૯૮૨૫૧૬૯૩૮૯

વેબ સાઈટ : http:// jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

YEAR-26 • ISSUE: 37 DATE:16-9-2017• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

## કર્ણાટકના પત્રકાર ગૌરી લંકેશની હત્યાથી પત્રકાર આલમમાં ભારે રોષ : રાજકીય સન્માન સાથે અંતિમ સંસ્કાર

વરિષ્ઠ પત્રકાર અને જમણેરી વિચારધારાના કઠોર આલોચક ગૌરી લંકેશની કેટલાક અજાણ્યા હુમલાખોરોએ ગોળી મારી હત્યા કરી નાંખી હતી.તેમના પાર્થિવ દેહને રાજકીય સન્માન સાથે અંતિમ વિધિ કરવામાં આવી હતી.લોકોમાં ફાટી નીકળેલા રોષને કારણે કર્ણાટકના મુખ્યમંત્રી સિધ્ધરમૈયાએ લંકેશની હત્યાના મામલે તપાસ માટે સ્પેશીયલ ઈન્વેસ્ટીગેશન ટીમ(સીટ)ની રચના કરવી પડી હતી.તેમણે કહ્યુ હતું કે આ ઘટનાની તપાસ સીબીઆઈ દ્વારા કરાવવાનો વિકલ્પ પણ ખુલ્લો રાખવામાં આવ્યો છે.પોલીસના વરિષ્ઠ અધિકારીઓ સાથે બેઠક પછી મુખ્યમંત્રીએ પ્રેસ કોન્ફરન્સ યોજી હતી.અને કહ્યુ હતું કે એસઆઈટીનું નેતૃત્વ આઈજી સ્તરના અધીકારી કરશે.રાજ્ય ટુંક સમયમાં અપરાધીઓની ભાળ મેળવી લેવા પ્રતિબધ્ધ છે.

ગૌરી લંકેશના અંતિમ સંસ્કાર સંપુર્ણ રાજકીય સન્માન સાથે કરવામાં આવ્યા હતા.તેમના અંતિમ સંસ્કાર શહેરના ચામરાજપેટ કબ્રસ્તાનમાં થયા હતા.એ સમયે ઉપસ્થિત લોકોએ ‘અમર રહે ગૌરી લંકેશ’ જેવા નારા પણ લગાવ્યા હતા.ગૌરીને પોલીસ દ્વારા બંધુકની સલામી પણ આપવામાં આવી હતી.ગૌરીની અંતિમ વિધિ વખતે મુખ્યમંત્રી સિધ્ધારમૈયા,પુર્વ કેન્દ્રીય મંત્રી વીરપ્પા મોઈલી તથા અન્ય સામાજીક કાર્યકર્તાઓ,પત્રકારો અને કન્નડ ફિલ્મ જગતના સભ્યો સહિત મહાનુભાવો હાજર રહ્યા હતા.ગૌરી લંકેશની હત્યા બાદ પત્રકાર સમુદાય,સીવીલ સોસા.ના સભ્યોએ બેગલુર,દિલ્હી સહિત અનેક શહેરોમાં વિરોધ પ્રદર્શનો યોજ્યા હતા.જ્યારે બીજપી અને કોગ્રેસના નેતાઓએ એકબીજા પર દોષારોપણ કરતાં નિવેદનો કર્યા હતા.ગૌરી લંકેશની હત્યા બાબતે એડીટર્સ ગિલ્ડ ઓફ ઈન્ડીયાએ કહ્યુ હતું કે ગૌરી લંકેશની હત્યા લોકતંત્ર પ્રત્યેની અસંમતિની અશુભ ઘટના છે અને પ્રેસ સ્વાતંત્ર પરનો ઘાતક હુમલો છે.

## આરએસએસ કે ભાજપની વિચારધાર વિરુધ્ધ બોલનારની હત્યા કરી દેવાય છે :રાહુલ ગાંધી

કર્ણાટકના બેગલુરુમાં વરિષ્ઠ પત્રકાર ગૌરી લંકેશની હત્યા અંગે કોગ્રેસ ઉપાધ્યક્ષ અને કોગ્રેસ પક્ષના પ્રમુખ સોનિયા ગાંધીએ હત્યાને વખોડતા નિવેદન કર્યા હતા. રાહુલ ગાંધીએ ભાજપ અને સંઘને નિશાના પર લીધા હતા.તેમણે કહ્યુ હતું કે જે પણ ભાજપ કે સંઘની વિચારધારાની વિરુધ્ધ બોલે છે તેની હત્યા કરી દેવાય છે.જ્યાર કોગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીએ કહ્ય હતું કે દેશમાં મુક્ત વિચારકોની હત્યા સહન ન કરી શકાય.ગૌરી લંકેશના પરિવાજનો પ્રત્યે સંવેદના વ્યક્ત કરતાં તેમણે કહ્યુ હતું કે પત્રકારોની હત્યાની ઘટનાઓ સહન ન





કરી શકાય. જ્યારે ડાબેરીઓએ સવાલ ઉઠાવ્યો હતો કે ગૌરી ની હત્યાના મુદ્દે વડાપ્રધાન કેમ ચુપ છે ?

રાહુલ ગાંધી એ કહ્યુ હતું કે જે પણ વ્યક્તિ ભાજપ અન સંઘની વિચારધારા વિરુધ્ધ બોલે છે તેના પર દબાણ કરવામાં આવે છે.મારપીટ કરાય છે અને એટલે સુધી કે તેની હત્યા પણ કરી દેવાય છે.આ એવી વિચારધારા છે કે જે ઈચ્છે છે કે દેશમાં માત્ર એક જ અવાજ હોય.ક્યારેક દબાણમાં વડાપ્રધાન મોદી તેની વિરુધ્ધમાં બોલે છે પણ તેમની વિચારધારા આવી જ છે કે કોઈ પણ પ્રકારના વિરોધના સુરને ખામોશ કરી દેવામાં આવે. જે ભારત માટે મોટી પરેશાનીનું કારણ છે.

ગોરી લંકેશની હત્યા અંગે કોગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધીએ શોક વ્યક્ત કરતાં કરેલા નિવેદનમાં જણાવ્યુ હતું કે ગૌરી વ્યવસ્થા વિરુધ્ધ લડવાની અપાર ક્ષમતા અને પ્રતિબધ્ધતા ધરાવતા હતા.તેઓ નિર્ભિક અને સ્વતંત્ર પત્રકાર તરીકે જાણીતા હતા.તેમણે કહ્યુ હતું કે દેશમાં મુક્ત વિચારો રજુ કરનારા લોકો પત્રકારોની હત્યાની ઘટનાઓ સહન ન કરી શકાય.

સીપીઆઈએ ગોરીની હત્યાના મામલે કહ્યુ હતું કુ વડાપ્રધાન મોદી અને સંઘ પ્રમુખ મોહન ભાગવત આ મામલે હજુ સુધી ચુપ કેમ છે ? જો કોગ્રેસ પાર્ટીએ તેમના પક્ષની સત્તા હોવાથી આ મામલે ઝડપી તપાસ કરીને અપરાધીઓને પકડી લાવવા જોઈએ અને સત્ય લોકો સમક્ષ મુકાવું જોઈએ.કોઈ વિચારધારાની વિરુધ્ધ તેમની હત્યા થઈ છે તેવા દોષારોપણો કરવા કરતાં સત્યને ઉજાગર કરવું જોઈએ તો પ્રજા સાથ આપશે.માત્ર રાજકીય વેરવૃત્તિને પોષવાનો કોઈ અર્થ નથી.સમગ્ર પ્રત્રકાર આલમ આ હત્યાથી નારાજ છે. પછી તે ભાજપ હોય કે કોગ્રેસ હોય. ભુતકાળમાં બનેલી ઘટનાઓમાં હજુ સુધી કોઈ ખાસ સંશોધન થયા નથી કે અપરાધીઓને પકડી કાઢવામાં આવ્યા નથી. પત્રકાર આલમે હવે ચમચાગીરી બંધ કરીને ચોથી જાગીર તરીકેની તેમની કામગીરી નિભાવવાની છે.

## ગૌરક્ષાને નામે થતી હિંસા રોકવા રાજ્યોને સુપ્રીમ કોર્ટનો આદેશ



સુપ્રીમ કોર્ટે ગૌરક્ષાના મામલે વધુ એક વાર કડક વલણ દાખવીને રાજ્યોને હિંસા રોકવા માટે આદેશ કર્યો છે.એટલું જ નહીં પણ આ પ્રકારની હિંસાની ઘટનાઓ રોકવા માટે રાજ્યોને સિનિયર પોલીસ અધિકારીની નોડલ ઓફિસર તરીકે નિમણુંક કરવા માટે પણ કહ્યું છે.સુપ્રીમે આદેશ કર્યો છે કે દરેક જિલ્લામાં નોડલ ઓફિસર તરીકે નિમણુંક કરવા માટે પણ કહ્યુ છે.સુપ્રીમે આદેશ કર્યો છે કે દરેક જિલ્લામાં એક સપ્તાહની અંદર તાત્કાલિક આવા નોડલ ઓફિસરની નિમણુંક કરવામાં આવે અને પોતાની રીતે કાયદો હાથમાં લેતા લોકો પર અંકુશ મુકાય.

ચીફ જસ્ટીસ દિપક મિશ્રાના વડપણ હેઠળની બેન્ચે તમામ રાજ્યોના ચીફ સેક્રટરીને આ મામલે સ્ટેટસ રિપોર્ટ આપવા અને કેવા પગલાં લેવાયાં તેની વિગત આપવા આદેશ કર્યો હતો. કેન્દ્ર સરકાર કાયદો અને વ્યવસ્થા સબંધિત મુદે તમામ રાજ્યોને બંધારણની કલમ ૨૫૬ હેઠળ આદેશ કરી શકે છે તે બાબતે પણ કોર્ટે કેન્દ્રનો જવાબ માંગ્યો છે.

મહાત્મા ગાંધીના પ્રપોત્ર તૃષાર ગાંધીએ કરેલી જાહેરહિતની અરજી પર સુનાવણી કરતાં સુપ્રીમ કોર્ટે આ આદેશ કર્યો હતો.તેમના વતી હાજર રહેલા સિનિયર એડવોકેટ ઈન્દીરા જયસિંગે તાજેતરમાં ગૌરક્ષાના નામે થયેલી હિંસા અને તેમાં થયેલી હત્યાનો સંદર્ભ ટાંક્યો હતો. આ પ્રકારની હિંસા અટકવી જોઈએ તેમ બેન્ચે કહ્યુ હતું. અને આ અંગેનો સ્ટેટસ રિપોર્ટ ફાઈલ કરવાનો આદેશ કર્યો હતો. કોર્ટે કહ્યું કે લોકોએ કાયદો પોતાના હાથમાં લેવો જોઈએ નહીં. આ પ્રકારની હિંસા અહીંથી જ અટકવી જોઈએ.

બેન્ચે આ સાથે કેન્દ્ર સરકારને એવો પણ નિર્દેશ કર્યો હતો કે તેણે બંધારણના આર્ટીકલ ૨૫૬ પ્રમાણે તમામ રાજ્ય સરકારોને કાયદો અને વ્યવસ્થા સબંધી નિર્દેશો જારી કરવા જોઈએ. ગૌરક્ષાના નામે થતી મોટાભાગની હિંસા હાઈવે પર થતી હોય છે તેની જાણકારી અપાયા બાદ કોર્ટે કહ્યુ હતું કે સરકારે હાઈવે પર પેટ્રોલીંગ વધારવાની જરુર છે.એડવોકેટ જયસિંગે આ પ્રકારના સંખ્યાબંધ બનાવો કોર્ટમાં ગણાવ્યા હતા.તેમણે કોર્ટેને કહ્યુ કે આ કોઈ કાયદો અને વ્યવસ્થાની બાબત નથી.પણ સમગ્ર દેશમાં અટકી શકે તેવો મુદ્દો છે.અમે લોકો મરી જાય તે પછી કોર્ટમાં આવવા માંગતા નથી.તેના કરતાં અમે ઈચ્છીએ છીએ કે લોકોને બચાવાય. તેમ જયસિંગે કહ્યુ હતું.

કોગ્રેસે ગૌરક્ષાને નામે થતી હિંસા રોકવા નોડલ ઓફિસર નિયુક્ત કરવાના સુપ્રીમ કોર્ટના આદેશની પ્રશંસા કરી હતી. કોગ્રેસના મુખ્ય પ્રવક્તા રણદીપ સુરજેવાલાએ કહ્યુ હતું કે આ આદેશથી જાતે બની બેઠેલા ગોરક્ષકો પર અંકુશ આવશે અને કાયદાની જે મજાક ઉડાવાતી હતી તે બંધ થશે.તેમણે આ સાથે સવાલ કર્યો હતો કે સુપ્રીમ કોર્ટનો આદેશ તો આવકાર્ય છે,પરંતુ શું વડાપ્રધાન મોદી અને ભારત સરકાર ગૌરક્ષાના નામ પર હિંસા ફેલાવતાં ગુંડાઓને જવાબદાર ઠેરવવાનો રાજધર્મ નિભાવશે કે કેમ ? જો વડાપ્રધાને ભુતકાળમાં આદેશો આપ્યા હતા પરંતુ રાજય સરકારોએ તેનુ પાલન નથી કર્યું.

નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર ઉપલબ્ધ છે.

http:// jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુકhttp://facebook.com/robin.dholakia પર જોઈ શકાશે

# નવ ક્રાંતિ

વિકાસની વ્યાખ્યા શું ? કોને વિકાસ કહેવાય, કોણે વિકાસ કર્યો કહેવાય,વિકાસના નામ ઉપર થતી ચર્ચાઓ,પ્રચારો અને રોડ શો ખરેખર આવનારી પેઢીને અપાતાં સપનાઓ વિકાસ કહેવાશે.પ્રચાર માધ્યમો જે રીતે સત્તારુઢ પક્ષની વિકાસની વ્યાખ્યા પાછળ આંધળો પ્રચાર કરી રહી છે તે જોતાં તો કદાચ આવનારા વર્ષો માત્ર વિકાસની વ્યાખ્યા પ્રચાર માધ્યમો જે નક્કી કરે તે. સરકારીની હાજી હામાં સહભાગી નહીં થનારા અને વિરોધ લોબીમાં બેસનારાઓને અછુત સમાજ ગણીને હડધુત કરવાની રીતો કદાચ લોકશાહી માટે કલંક સમાન બની રહેશે.ચીન,જાપાન,અમેરિકા વિગેરે દેશો આપણા મિત્રો છે તો પછી આપણા દુશ્મનો કોણ છે.વડાપ્રધાનના મિત્ર તો પાકિસ્તાનના વડાપ્રધાન છે તો હવે વિશ્વ એક આપણું કુટુંબ બનવા જઇ રહ્યું છે તેને વિકાસ કહેવાશે ? હવે ખરેખરી લડાઇ પ્રચાર મેદાનમાં થઇ રહી છે.છેલ્લે છેલ્લે કેટલાક ઈલેક્ટ્રોનીક્સ માધ્યમોએ ચીન સરહદે ચીની સૈનિકો અને ભારતીય સૈનિકો હાથાપાઈથી લડતા હતા.આમ ચીન સરહદે લડાઇ તૈયારીમાં છે તેવા સંદેશા ખાસ કરીને પ્રજા માનસ ઉપર ફેકવામાં આવ્યા.અને વડાપ્રધાન ચીન ગયા અને પાછા મિત્રો બની ગયા.સમજ વગરની કેટલીક વાતો પ્રજા માનસમાં ફેલાવામાં આવી રહી છે.અને ખોટી સમજને સાચી ઠેરવતી સમાજનો પણ તોટો નથી.કોની આંખો પર પટ્ટી પડેલી છે અને કોના ઉપર નહીં તે આકલન કરવું મુશ્કેલ બન્યું છૈ.ચુંટણીઓમાં ઝંઝાવાત ફેલાવીને સત્તા આંચકી લેવાની કુશળ કામગીરીમાં કાબેલ સત્તાધારી પક્ષની એક એક શતરંજી ચાલ ખુબીની ચાલો છે અને તેમાં પ્રજા દોરવાઇ રહી છે.કોનું નસીબ જોર કરે છે પ્રજાનું કે દોરનારાઓનું તે જોવાનું રહ્યું.

કદાચ જાપાનના વડાપ્રધાને આવું આતિથ્ય તેમના દેશમાં નહી માણ્યું હોય તેમ બની શકે. આમેય આપણે આતિથ્ય સત્કાર કરવામાં પાછા પડીએ તેમ નથી.વિકાસ ના નામે દેશ વિદેશના અતિથિઓ જે માત્ર દેશની રાજધાનીમાં આંટો મારવા આવતા તેમને ગુજરાતમાં તાણી લાવી રોડ શો દ્વારા મહાત કરવાની કામગીરી કરનાર વડાપ્રધાનની કલાને બિરદાવવી પડે.અને તે દ્વારા ગુજરાતની આવનારી ચુંટણીમાં તેનો લાભ મેળવી શકાય તે  તેમણે બુક કરી લીધો.પ્રજા કેટલા સમય સુધી રોડ શો,તહેવારોની ઉજવણી,પતંગ મહોત્સવો વિગેરે યાદ રાખે છે તે મહત્વનું છે.મહત્વનુ એ નથી કે મોધવારીનો આંક દિવસે દિવસે વધતો રહ્યો છે. પેટ્રોલ ડીઝલના ભાવો દઝાડી રહ્યા છે.જેમણે જુની સરકારને માથે વધેલા ભાવો માટે જુતા માર્યા હતા તેઓના પેટનું પાણી હાલતું નથી ઉપરથી આ ભાવ વધારાને વ્યાજબી ઠેરવી રહ્યા છે.અચ્છે દિન લાવવાનું વચન તો ક્યારનું વિસરાઇ ગયું છે.માત્ર વિપક્ષોને પતાવી દેવા અને દેશભરમાં પોતાની સત્તા કાયમ કરવી અને પછી કોઇ હટાવી ના શકે તેવી જોગવાઇ કરી યાવચંત્ર દિવા કરોની સ્થિતિ નિર્માણ કરવાની સ્થિતિ બનાવવા માટે સત્તારુઢ નેતાગીરી પ્રયત્નશીલ છે.પ્રજાને જ્યારે મોંધવારીના ચક્કરમાં પીડા ઉપડશે ત્યારં તો ખબર પડશે કે તમાશાઓએ તેમના પેટની પીડા વધારી છે ત્યારે તેનો ઉપાય વિચારશે ત્યાં સુધી તેઓ તાળીઓના ગડગડાટથી વિકાસને વધાવતા રહેશે.


★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨



ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


# અમેરિકાની સરકાર વિઝાધારકોનો ગ્રીનકાર્ડ માટે પર્સનલ ઇન્ટરવ્યુ લેશે

અમેરિકામાં કામ કરતાં ભારતીય પ્રોફેશનલ્સ માટે એચવન-બી વિઝામાંથી ગ્રીનકાર્ડ મેળવવાનું હવે વધારે મુશ્કેલ બનશે.૧ ઓકટો.થી એચવન-બી વિઝાધારકોને ગ્રીનકાર્ડ આપતાં પહેલાં તેમના પર્સનલ ઈન્ટરવ્યુ લેવાશે.યુએસ સીટીઝનશીપ એન્ડ ઈમીગ્રેશન સર્વીસ દ્વારા આવા કિસ્સામાં વ્યક્તિગત ઈન્ટરવ્યુ ફરજીયાત બનાવાયા છે.જ્યાં સુધી ટેકનિકલ બાબતોને સબંધ છે ત્યાં સુધી સ્ટેટસ ઈન્ટરવ્યુ આઇ-૪૮૫ નિયમ મુજબ લેવાશે.

૨૮ ઓગષ્ટે આની જાહેરાત કરવામાં આવી હતી . યુએસસીઆઈએસ દ્વારા આપવામાં આવતી રિક્વેસ્ટ ફોર એવિડન્સની સંખ્યામાં વધારો થયો હોવાનું યુએસ ઈમીગ્રેશન એટર્નીએ જણાવ્યુ છે.આરએફઈએ એપ્રિલ ૨૦૧૭ના રોજ કે તે પહેલાં કરવામાં આવેલી અરજીઓ છે જે એચવન-બી વિઝા મેળવવાની બાબત સાથે સબંધ ધરાવે છે અને તે ૧ ઓકટો.૨૦૧૭થી માન્ય છે.

યુએસ સત્તાવાળાઓ એચ૧-બી વિઝાધારકો માટે લેવલ-૧ વેજિસને સરળતાથી સ્વીકારશે નહીં.૨૦૧૪ સુધીના ૪ વર્ષના ગાળામાં ૨ લાખથી વધુ એચવન-બી વિઝાધારકોને ગ્રીનકાર્ડ આપવામાં આવ્યા હતાં તેમ બાયપાર્ટીઝન પોલીસી સેન્ટરે જણાવ્યુ હતું.૨૦૧૫માં ૩૪,૮૪૩ ભારતીયોએ ગ્રીનકાર્ડ મેળવ્યા હતાં.જેમાંથી ૨૫,૧૭૯ લોકો અમેરિકામાં એચવન-બી વિઝા પર જોબ કરતાં હતાં.જે રીતે ગ્રીનકાર્ડ આપવા માટેની શરતો કડક બનાવાઈ છે તેનો મતલબ એમ થયો કે હવે અમેરિકાના સત્તાવાળાઓ એચવન-બી વિઝાધારકો માટે લેવલ-૧ વેજિસનો સરળતાથી સ્વીકારશે નહીં.સાન ઓઝેમાં સોફટવેર ડેવલપર માટે લેવલ-૧ વેતન વર્ષે રુ.૮૮,૭૩૩ ડોલર છે. જે વધારીને લેવલ-૪ મુજબ વર્ષે ૧,૫૫,૧૪૭ ડોલર કરાયું છે.આમ યુએસસીઆઈએસ ના મતે લેવલ-૧ વેતન એ નોન પ્રોફેશનલનો સંકેત કરે છે.જેમાં કોઈ નિશ્ચિત કોલેજની ડીગ્રીની જરુર હોતી નથી. અને એચવન-બી વિઝા માટે આવી જોબ અયોગ્ય ગણવામાં આવી છે.જુલાઈ સુધીમાં એચવન-બી વિઝા માટે આ વર્ષે ૨,૪૭,૦૦૦ અરજીઓ આવી છે. જેમાં ભારતીયો ટોચ પર છે.

ગ્રીનકાર્ડ મેળવવા તમામ લોકો માટે ઈન્ટરવ્યુ લેવાશે.ગ્રીનકાર્ડ મેળવવા માટે સ્ટેટસ ઓફ એડજસ્ટમેન્ટમાં જે સુધારો કરાયો છે તે સંદર્ભમાં એનપીઝેડ લો ગ્રુપના મેનેજીંગ એટર્ની ડેવિડ એચ નેચ્મને કહ્ છે કે યુએસસીઆઈએસ દ્વારા હાલ આખા પરિવારને ગ્રીનકાર્ડ આપવાના કેસમાં ઈન્ટરવ્યુ લેવામાં આવતા હતા જે અમેરિકાનું સીટીઝનશીપ મેળવવા માટેની પ્રોસેસમાં સામાન્ય છે પણ મોટાભાગે આ કેટેગરીના અરજદારો માટે ઈન્ટરવ્યુ રદ કરવામાં આવતા હતા.એક દાયકા પહેલા જયારે એમ્પ્લોયમેન્ટ બેઝડ વિઝા સ્ટેટસને ગ્રીનકાર્ડમાં ફેરવવા ઈન્ટરવ્યુ લેવાનું શરુ કરાયું ત્યારથી ફેમીલી ગ્રીનકાર્ડ માટેના ઈન્ટરવ્યુ રદ કરવાનું શરુ કરાયું હતું.

એચ૧-બી વિઝાધારકો માટે ગ્રીનકાર્ડ મેળવવાની પ્રોસેસ લંબાશે.હવે નવી નીતી મુજબ કોઈ જાતના ઈન્ટરવ્યુ રદ કરાશે નહીં.આમ નવી પ્રોસેસમાં ગ્રીનકાર્ડ અરજદારો માટે વેઈટીંગનો સમયગાળો અને પ્રોસેસનો સમયદગાળો લંબાશે.જે લોકો હંગામી વર્કિંગ વિઝા પર અમેરિકામાં કામ કરતાં હતા તેમનાથી મોટાભાગનાને અત્યારસુધી ગ્રીનકાર્ડ આપવામાં આવ્યા છે.

બિન અમેરિકનને કાઢવાના મુદ્દે નડેલાએ ટ્રમ્પની ટીકા કરી હતી. યુએસ પ્રમુખ ટ્રમ્પની બિનઅમેરિકન યુવાનોને હાંકી કાઢવાની નીતિની માઈક્રોસોફટના સીઈઓ સત્યા નંડેલાએ આકરી ટીકા કરી હતી. આને કારણે અમેરિકાના અર્થતંત્ર પર માઠી અસર થશે અને ગ્રોથ રુંધાશે તેમજ આવક ઘટશે તેમ નિષ્ણાંતોએ જણાવ્યુ હતું.ટ્રમ્પે ડિફર્ડ એકશન ફોર ચાઈલ્ડ હુડ અરાઈવલ્સ કાર્યક્રમને રદ કર્યો છે.પુર્વ પ્રમુખ ઓબામાએ આ કાર્યક્રમ શરુ કર્યો હતો.

અમેરિકન પ્રમુખે જાહેર કરેલી કેટલીક નીતિઓની ભારે ટીકા કરવામાંઆવી રહી છે.કેટલાક સર્વ એવું બતાવે છે કે પ્રમુખે જાહેર કરેલી નીતીઓ અમેરિકામાં ટીકાપાત્ર પણ બની છે. તેમજ તેમની લોકપ્રિયતામાં ધીમે ધીમે ઓટ આવી રહી છે. પરંતુ પ્રમુખ તેમના આદર્શો પ્રત્યે કોઈ સમાધાન ઈચ્છતા નથી.ચુંટણી વખતે તેમણે જાહેર કરેલી કેટલીક બાબતો લોકપ્રિય ના પણ હોય પરંતુ તે માટે તેઓ કરવા પ્રતિબધ્ધ છે.

# અમેરિકામાં ગેરકાયદે ઇમીગ્રન્ટસ સામેની શરુ થયેલી ઝુંબેશને કારણે સાત હજાર ભારતીયોને તેની અસર થશે

અમેરિકામાં જે માતા-પિતા તેમના સંતાનોને ગેરકાયદે ઈમીગ્રન્ટસ તરીકે અમેરિકા લઈ ગયા હશે તેમને માટે મુશ્કેલી સર્જાય તેવી શક્યતા છે. ભુતપુર્વ પ્રમુખ બરાક ઓબામાના શાસનમાં જુન-૨૦-૧૨માં ડિફર્ડ એકશન ફોર ચિલ્ડ્રન એરાઈવલ હેઠળ અમેરિકામાં રહેવા અને કામ કરવાની મંજુરી આપવામાં આવી હતી.પરંતુ હવે નવા પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે આ મંજુરી રદ કરી દેવાની સલાહ આપવામાં આવી છે.ટ્રમ્પના આ નિર્ણયથી આવા સાતેક હજાર ભારતીય અમેરિકનોને અસર થશે કે જેઓ હાલમાં અમેરિકામાં રહે છે.



ટ્રમ્પને સલાહ આપવામાં આવી છે કે દેશમાં આવા ગેરકાયદે  રહેતા. ૭.૫લાખ જેટલા વિદેશી યુવાઓને રહેવા-નોકરી કરવાની મંજુરી રદ કરી દેવી જોઈએ.જો ડીએસીએ હેઠળ અમેરિકામાં રહેતા વિદેશીઓમાં ભારત ૧૧માં ક્રમે છે. આ પ્રકારે અમેરિકામાં ૭ હજારથી વધુ ભારતીય અમેરિકનો રહે છે.ડીએસીએ અંતગર્ત ડ્રીમર તરીકે ઓળખાતા યુવાઓએ બે વર્ષ માટે રહેવા અને કામ કરવાની મંજુરી મળે છે. વિદેશીઓ અમેરિકામાં રહીને કામ કરી શકે કે કેમ તેનો પણ નિર્ણય ટ્રમ્પ સરકાર લેશે.

ટ્રમ્પની સરકારે જે નવા આકરા  નિર્ણયો લેવાનું શરુ કર્યુ છે તેનાથી વિપરિત લોકોનો મત જઈ રહ્યો છે. કારણકે ગેરકાયદેસર વસતા વસાહતીઓ યેનકેન પ્રકારે રાજકીય દબાણ લાવીને ત્યાં સ્થિર થવા માંગે છે.જુની સરકારો આવા લોકો તરફ સહાનુભુતિ દાખવતી હતી.પરંતુ ટ્રમ્પની સરકાર આવી કોઈપણ પ્રકારની સહાનુભુતિ દાખવવા માંગતી નથી.આથી ટ્રમ્પની સરકારના આકરા નિર્ણયો અનેક ભારતીયોને માટે મુશ્કેલીરુપ બનશે.


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદન વ્યાજબી ભાવે મળશે.

અમી સર્જીકલ

જય ક્રિશ્ચિયન

૧૩,સહયોગ પાર્ક-૧ ,ન્યુ ગામડી રોડ, આણંદ.૧

મો.:૮૨૩૮૦૦૧૯૮૯

૯૮૨૪૩૬૨૪૬૨

# ચીને ભારતને ધમકી આપતાં કહ્યુ કે અમે ભારતમાં ઘુસીસું તો અરાજકતા ફેલાંઇ જશે

સિક્કિમ સરહદે છે બે મહિનાથી ચાલી રહેલા સરહદી વિવાદને લઈને ચીને દોકલામ વિવાદના મુદ્દે ભારતને ધમકી આપતાં કહ્યુ હતું કે તેના સૈનિકો ભારતમાં ઘુસી જશે તો ભયંકર અવ્યવસ્થા ફેલાઈ જશે.ચીનના વિદેશી મંત્રાલયે કહકયુ છે કે દોકલામ સરહદે ચીન દ્વારા માર્ગ બનાવવાથી ભારતને ખતરો છે તેવી તેની દલીલ હાસ્યાસ્પદ અને બુધ્ધિ વગરની છે. તેમણે ધમકી સુરમાં કહયુ હતું કે ચીન કોઈપણ દેશ અથવા વ્યક્તિને પોતાના સરહદની સાર્વ ભોમકતાના ઉલ્લંઘનની મંજુરી આપતું નથી.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા હુયા ચનયિંગે કહ્યુ છે કે ભારતીય પક્ષે ચીન દ્વારા રોડ બનાવીને ગેરકાયદેસર સરહદ પાર કરી છે.જો અને ભારતની આ હાસ્યાસ્પદ દલીલને સહન કરીએ છીએ તો કોઈ પણ જેને પોતાના પાડોશીનું કામ પસંદ નથી તે તેના ઘરમાં ઘુસી જશે. ભારત સરહદ પર મોટાપાયે માળખાગત સવલતો બનાવી રહ્યું છે જે ચીન માટે ખતરો છે તો શું ચીને ભારતીય ક્ષેત્રમાં ઘુસી જવું જોઈએ.

ભારત સરકારે બે મહિનાથી દોકલામ સરહદ પર તનાવની સ્થિતિ બાબતે રિપોર્ટ જારી કરવાો જોઈએ.માત્ર ચીની ચીજવસ્તુઓનો બહિષ્કારની જાહેરાતો કે ભુતકાળની સરકારોએ કરેલી ગંભીર ભુલો આજે નડી રહી છે જેવા સમાચારો ફેલાવી દેશની જનતાને ખોટા ભ્રમમાં રાખી રહી છે.છેલ્લા ત્રણ વર્ષથી એનડીએ સરકારને સત્તામાં સમય મળ્યો છે. નહેરુએ હિન્દી ચીની ભાઈ ભાઈ કરીને બદલામાં વિશ્વાસઘાત મળ્યો છે. તો એનડીએ સરકારના વડાપ્રધાને ચીની પ્રમુખને ઢોકળાં ખવડાવી ઝુલામાં ઝુલાવ્યા તેનું શું પરિણામ આવ્યું ?

કેટલીક સોશ્યલ મીડીયા ઉપર અને કેટલીક ન્યુઝ એજન્સીઓ એવી વીડીયો કલીપ દેખાડી રહી છે કે સરહદ પર ચીની સૈનિકો સાથે ભારતીય સૈનિકો હાથાપાઈ કરી રહ્યા છે.યુધ્ધો કુસ્તીકળાથી જીતાતા નથી.હવે આધુનિક યુગમાં આવી રીતો અપનાવાતી નથી.તો આવી કલીપો દર્શાવીને શુ પ્રજાને બેવકુફ બનાવવાના કિમીયા અજમાવાઈ રહ્યા છે કેશું ? બેઉ બાજુથી જાણે કે મોટા યુધ્ધ થવાના હોય તેમ હોકારા પડકારા કરવામાં આવી રહ્યા છે.ખરેખર સાચી પરિસ્થિતિ શું છે તે સમજમાં આવતું નથી.

# ટ્રિપલ તલાકનો ચુકાદો યુનિફોર્મ સિવિલ કોડ માટે રાજમાર્ગ બનશે

સુપ્રીમ કોર્ટે ઐતિહાસિક ચુકાદો આપ્યો અને દેશભરમાં ટ્રિપલ તલાકને ગેરકાયદેસર જાહેર કરી દીધા છે. આ ચુકાદામાં સ્પષ્ટ કહ્યું છે કે ધર્મની સ્વંતંત્રતા ના નામે પર્સનલ લો લાગુ ન થઈ શકે અને કોઈપણ મામલે કાયદા સમક્ષ સમાનતા એ જ સર્વોચ્ચ છે.આ મહત્વની ટિપ્પણીને કારમે દેશમાં હવે સમાન નાગરિક સંહિતા અર્થાત યુનિફોર્મ સિવિલ કોડ લાગુ કરવા માટે કાયદા પંચને મજબુત આધાર મળી ગયો છે.

મુસ્લીમ મહિલાઓએ ટ્રિપલ તલાક મામલે સુપ્રીમ કોર્ટે મોટી રાહત આપી છે તે જ પ્રકારે ખ્રિસ્તી અને હિન્દુ મહિલાઓને પણ જે કોઈ ભેદભાવ છે તે દુર થશે તેવી પુરી શકયતાઓ છે.દેશમાં વિવિધ પ્રકારની પ્રથાઓને કારણે મહિલાઓને અન્યાય થતો રહ્યો છે તે દુર કરવામાં કાયદા પંચ માટે સુપ્રીમ કોર્ટનો આ ચુકાદો મજબુત આધાર બનશે.ખ્રિસ્તી મહિલા માટે છુટાછેડાના મામલે બે વર્ષ સુધીનો સમયગાળો કેટલો યોગ્ય છે તે મામલે પણ કાયદા પંચ વિચારી રહ્યું છે.આ કાયદો સમાનતાના અધિકારનો ભંગ કરે છે કે કેમ તે અંગે તે વિચારણા કરી રહ્યું છે.તમામ ધર્મ-સંપ્રદાયના લગ્નના કિસ્સામાં છુટાછેડા માટે એકસમાન સમયગાળો રાખવા અંગે પણ પંચ વિચારી રહ્યું છે.એ જ રીતે હિન્દુ મહિલાઓ લગ્ન પછી પિતાની સંપત્તિમાં તેમને અધિકાર મેળવી શકે તે માટે પણ કાયદામાં યોગ્ય જોગવાઈ અંગે પંચ વિચારી રહ્યું છે.હિન્દુ પરિવારોમાં સામાન્ય રીતે સંપત્તિ પુત્રો વચ્ચે વહેચાઈ જતી હોય છે.

બે ધર્મના યુગલ લગ્ન કરે અથવા બે અલગ અલગ જ્ઞાતિના યુગલો લગ્ન કરે તો તેવા સંજોગોમાં બંન્નેના અધિકારનું રક્ષણ કેવી રીતે થઈ શકે તે અંગે પણ પંચ વિચારી રહ્યું છે.તમામ ધર્મ-સંપ્રદાયમાં લગ્ન માટે એક સર્વ સંમત વય નક્કી કરવા પણ પંચ વિચારી રહ્યું છે.કોમન સિવીલ કોડ કે યુનિફોર્મ સિવિલ કોડ મામલે પંચે જનતા અને સબંધિત લોકોના મંતવ્ય સુચનો મંગાવ્યા છે.પંચને ૬૦,૦૦૦ લોકોના મંતવ્યો મળ્યા છે.

ઓલ ઈન્ડીયા મજલિસ એ ઈત્તેહદુલ મુસ્લીમીન ના પ્રમુખ અસદુદીન ઔવેસીએ સુપ્રીમ કોર્ટના ટ્રિપલ તલાકને ગેરકાયદે ગણાવતા આપેલા ચુકાદા સંદર્ભે કહ્યુ હતું કે આ ચુકાદો આવકાર્ય છે.પરંતુ તેનો અમલ અત્યંત કઠીન સાબિત થશે.તેમણે કહ્યુ હતું કે આ ચુકાદાનો અમલ કરવામાં વ્યવહારિક મુશ્કેલીઓ અનેક આવી શકે છે. આ સાથે જો કે તેમણે એવો દાવો કરક્યો હતો કે આ ચુકાદાની પ્રક્રિયામાં સામેલ પાંચ જજોએ પર્સનલ લોને પડકારી ન શકાય એમ કહક્યુ હતું કેમકે તે મુળભુત અધિકારો દ્વારા સંરક્ષિત છે. તેમણે કહ્યુ હતું કે આ પગલું સારુ છે.ઔવેસીએ કહ્યુ હતું કે આ ચુકાદાનો અમલ અત્યંત કઠિન સાબિત થશે. હૈદ્રાબાદથી સાંસદ ઔવેસીએ કહ્યુ હતું કે ટ્રિપલ તલાક એ ઘણોજ પેચીદો મામલો છે. અને એટલે જ સુપ્રીમ કોર્ટમાં પણ આ મુદ્દે સર્વસંમતિ સાધી શકાઈ નથી.

જયારે વડાપ્રધાન મોદીએ મુસ્લીમ સમુદાયમાં પ્રચલિત તલાક પ્રથાને સુપ્રીમ કોર્ટનો ઐતિહાસિક ચુકાદો ગણાવ્યો હતો.તેમણે કહ્યુ હતું કે મુસ્લીમ મહિલાઓને આ ચુકાદાથી સમાનતાનો અધિકાર મળશે.જયારે ભાજપ અધ્યક્ષ અમિતશાહે કહ્યુ હતું કે સુપ્રીમનો ચુકાદો મુસ્લીમ મહિલાઓ માટે નવા યુગનો આરંભ છે.

૧૪૦૦ વર્ષ જુની મુસ્લીમ સમુદાયની ટ્રિપલ તલાક પ્રથાને સુપ્રીમ કોર્ટે ગેરકાયદે ગણાવતો ચુકાદો આપતાં વડાપ્રધાને કહ્યુ હતું કે આ મહિલા સશક્તિકરણ માટેનુ એ શક્તિશાળી કદમ છે.

**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386

## જાણવા જેવું !

સ્ટેચ્યુ ઓફ લિબર્ટીની પહેલી આંગળી જેને ઈન્ડેક્ષ ફિંગર તરીકે ઓળખવામાં આવે છે તે આઠ ફુટની લંબાઈ ધરાવે છે.

ચીલીમાં આવેલા અટકામાના રણમાં છેલ્લા ચારસો વર્ષથી એક પણ ટીપું વરસાદનું પડ્યું નથી.

વાયોલીન લાકડાના ૭૦ ટુકડાને જોડીને બનાવવામાં આવે છે.

ડોલ્ફીન સાઈઠ કી.મી. પ્રતી કલાકની ઝડપે તરી શકે છે.

મધમાખીની રાણી એક દીવસમાં ૧૫૦૦ ઈંડા મુકે છે.

વિશ્વમાં સૌથી વિશાળ રીછ કોડીઆક છે. જે અલાસ્કામાં જોવા મળે છે. અને તે ૧૭૦૦ પાઉન્ડ વજન ધરાવે છે.

જિરાફનું વજન ૨૦૦૦ કી.ગ્રા. હોય છે.

જિરાફ રોજના બાર કલાક તેનો ખોરાક ખાવામાં કાઢે છે

# ઉપજાવી કાઢેલી પ્રચાર પ્રધ્ધતિનો દુરપયોગ રોકવા પર ભાર મુકાશેઃ ચુંટણી પંચ

ચુંટણી પંચ દ્વારા આચારસંહિતાનો ભંગ રોકવા માટે સોશ્યીલ મીડીયા નીતિનો મુસદ્દો ઘડાઈ રહ્યો છે.જેમાં ઉપજાવી કાઢેલી પ્રચાર પધ્ધતિનો દુરપયોગ રોકવા પર ભાર મુકવામાં આવશે.અત્યાર સુધીમાં ચુંટણી પંચનું મિકેનીઝમ ફરિયાદો પર આધારિત હતું. જેમાં મીડીયામાં સ્પષ્ટતા અને દેખરેખ સમિતિની બાબતોને ધ્યાનમાં લેવામાં આવતી હતી. હવે પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનીક્સ મીડીયામાં પ્રસિધ્ધ જાહેરાતો અને ખામીઓ પર પણ અંકુશ રાખવામાં આવશે.

ચુંટણી પંચને ધ્યાનમાં આવ્યું છે કે કેટલીક પબ્લીક રિલેશન કંપનીઓએ જાહેર અભિપ્રાય મેળવવા અભિયાન શરુ કર્યું છે.ચુંટણી કમિશન્ર ઓ.પી.રાવતે કહ્યુ હતું કે મોબાઈલ અને ઈન્ટરનેટનો પ્રભાવ વધતાં સોશ્યલ મડીયાની કન્ટેન્ટ પર દેખરેખ રાખવામાં આવે તે સમયનો તકાદો છે.ચુંટણી અને પ્રચારને લગતી સમસ્યાઓ ઉકેલવા સોશ્યલ મીડીયા નીતિ ઉપયોગી પુરવાર થશે. ચુંટણી પ્રચાર બંધ થયાના ૪૮ કલાકમાં સોશ્યલ મીડીયા દ્વારા મત માંગે તો શું ? સ્પષ્ટ આચારસંહિતા હોવી જરુરી છે.

# હવે એક દિવસ પહેલાં તત્કાલ ટિકીટ બુક કરાવી શકાશે

રેલ્વેમાં પ્રવાસ કરતાં પ્રવાસીઓને વધુ સુવિધા મળી રહે તે માટે રેલવે સત્તાવાળાઓ દ્વારા તત્કાળ ટિકિટના બુકીંગમાં મહત્વના ફેરફાર કરવામાં આવ્યા છે.અગાઉ ટ્રેન ઉપડવાના બે દિવસ પહેલા તત્કાળ ક્વોટામાંથી ટિકીટ બુક કરાવી શકાતી હતી પણ હવે એક દિવસ પહેલાં તત્કાળ ટિકીટ બુક કરાવી શકાશે.આ સુવિધા આઈઆરસીટીસીના મોબાઈલ એપ્લિકેશન પરથી મેળવી શકાશે. આ માટે તત્કાળ ક્વોટામાં ૧૩ ટકા સીટો અનામત રાખવામાં આવી છે. ઓગષ્ટના અંત સુધીમાં તમામ ટ્રેનોમાં આ સવલત શરુ થશે. જો આ યોજના સફળ થશે તો મોબાઈલ એપ આ માટે ૨૦ ટકા ટિકિટો અનામત રાખવામાં આવશે.

મોબાઈલ એપ દ્વારા બુક કરાવવામાં આવેલી આવી તત્કાલ ટિકીટો માટે કોઈપણ એક પ્રવાશીનો આઈડેન્ટીટી નંબર ટિકિટ પર લખવાનો રહેશે. આ પ્રવાસીએએ પ્રવાસ વખતે તેમનું અસલ ઓળખપત્ર પણ સાથે રાખવાનું રહેશે અને માંગવામાં આવે ત્યારં તે દર્શાવવાનું રહેશે. જો ઓળખપત્ર સાથે નહીં રખાય તો દંડ થઈ શકે છે.

એસી કેટેગરીમાં પહેલાની જેમ સવારે ૧૦ થી ૧૧ સુધીમાં તત્કાળ ક્વોટાની ટિકીટો બુક થશે અને નોન એસી કેટેગરી માટે સવારે ૧૧થી ૧૨ સુધીમાં તત્કાળ ટિકીટ બુક કરાવી શકાશે.હાલ આઈઆરસીટીસી દ્વારા પ્રવાસીઓને તત્કાળ ટિકીટ બુક કરાવતાં પહેલાં સામાન્ય ક્વોટામાંથી ટીકીટો મેળવવા સલાહ આપવામાં આવે છે.

# સુપ્રીમ કોર્ટના ૪૫મા ચીફ જસ્ટીસ તરીકે દીપક મિશ્રાની પસંદગી

જસ્ટીસ ખેહરે સ્થાપિત પ્રથા મુજબ આગામી મુખ્ય ન્યાયમુર્તિ તરીકે દિપક મિશ્રાનું નામ આપ્યુ હતું.જસ્ટીસ મિશ્રા પટણા હાઈકોર્ટ અને એ પછી દિલ્હી હાઈકોર્ટના ચીફ જસ્ટીસ રહી ચુકયા છે.ઓકટો.૨૦૧૧માં તેમને સુપ્રીમ કોર્ટના જજ તરીકે પ્રમોશન અપાયું હતું.જસ્ટીસ મિશ્રાએ ૧૯૭૭મા વકીલ તરીકે તેમની કારકીર્દીની શરુઆત કરી હતી.તેમણે ઓરિસ્સા હાઈકોર્ટમાં બંધારણીય,સિવિલ,ક્રિમિનલ,રેવેન્યુ,સર્વીસ અને સેલ્સ ટેકસની બાબતોમાં પ્રેકટીસ કરી હતી.તેઓ અનેક બેન્ચના અધ્યક્ષ પણ છે.

## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબારો સંપૂર્ણ વિગાત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

# ભારતનો વિકાસ દર ત્રણ વર્ષની નીચલી સપાટી પર : નોટબંધી અને જીએસટીનો સીધો માર ઘરેલું ઉત્પાદન ઘટી ગયું !

નોટબંધી,જીએસટી,ઘરેલુ ઉત્પાદન ઘટી ગયું અને નોટબંધીથી કાળું નાણું બહાર આવવાની સરકારની અપેક્ષાઓ ખોટી ઠરી પરિણામે જીડીપી ગ્રોથ જુનના ત્રિમાસિક ગાળામાં ૩ વર્ષની નીચી ૫.૭ ટકા સપાટીએ નોધાયો.અર્થતંત્રને મોટો ફટકો પડ્યો છે.અર્થતંત્ર પર નોટબંધી અને જીએસટીની માઠી અસર હવે જોવા મળે છે.ઘરેલુ ઉત્પાદનમાં મોટું ગાબડું પડતાં જીડીપીનો આંક ગગડ્યો છે. સરકાર તરફથી નાણાં મંત્રી નોટબંધીના સારા પરિણામો આવ્યા છે તેવો પ્રચાર કરી રહ્યા છે. જ્યારે કોગ્રેસ નિષ્ફળ ગયેલી નોટબંધી માટે પીએમ મોદી પાસે માંફી માંગવાની અપેક્ષા રાખી રહ્યા છે.કેન્દ્રીય નાણાં મંત્રાલય હવે રદ કરેલી નોટો પાછી લેવાની કોઇ તક આપવાનો ઈન્કાર કર્યો છે.સરકાર કહે છે કે રદ કરાયેલ તમામ નોટો સરકાર પાસે પાછી આવી ગઇ છે.જ્યારે દેશમાં જુની નોટો બદલવાનો હજુ પણ મોટો ધંધો ચાલી રહ્યો છે અને કરોડો રુપીયાની નોટો પકડાય છે.જો કે આર્થિક બાબતોના સચિવે કહ્યુ હતું કે નોટ બદલવાનો કોઇ નવો વિચાર સરકાર પાસે નથી.નાણાં પ્રધાન જેટલીએ કહ્યુ છે કે નોટબંધીથી ધાર્યા પરિણામો આવ્યા છે.લાંબે ગાળે તેની અસરો દેખાશે.બેન્કોમાં જમા થયેલ નાણાં કાયદેસરના જ છે તેવું માની લેવાની જરુર નથી.નોટબંધી બાદ કાળુ નાણું સંપુર્ણ નાબુદ થયું છે તેવું કહી શકાય નહી.

કોંગ્રેસના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીએ જણાવ્યુ હતું કે પીએમ મોદીએ નોટબંધીને પ્રચંડ નિષ્ફળતા મળી છે.અને તેમણે દેશની માંફી માંગવી જોઇએ.પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ કહ્યુ હતું કે આરબીઆઇનો રિપોર્ટ દર્શાવે છે કે નોટબંધી એ મોટુ કૌભાંડ હતુ.

રિઝર્વ બેન્કે સંસદીય પેનલને જણાવ્યુ હતું કે તેની પાસે નોટબંધીને કારણે દુર થયેલા કાળા નાંણાની કોઇ વિગત નથી.ઉપરાંત, નોટબંધી પછી રુ.૫૦૦ અને રુ.૧૦૦૦ની રદ થયેલી કરન્સીના એક્સચેન્જની મદદથી કેટલું કાળું નાણું વ્હાઇટ કરવામાં આવ્યું છે તેની પણ કોઇ માહીતી નથી.આરબીઆઇના જણાવ્યા પ્રમાણે રુ.૫૦૦ અને રુ.૧૦૦૦ની રદ થયેલી નોટ દ્વારા રુ.૧૫.૨૮ લાખ કરોડ પરત આવ્યા છે.પણ નોટબંધીને નિયમિત રીતે અમલી બનાવાશે કે નહી તેની કોઇ માહીતી નથી . ઉલ્લેખનીય છે કે નોટબંધી અને પરત આવેલી નોટના આંકડામાં વિલંબ માટે આરબીઆઇ ભારે ટીકાનો સામનો કરી રહી છે.જો કે સરકારે એવું કહી રહી છે કે નોટબંધીને કારણે કાળા નાણાંને અંકુશમાં લાવવામાં સફળતા મળી છે.

મનુષ્યના ફેફસામાં ૩૦૦ અરબ જેટલી રક્તવાહીનીઓ છે.
ટોમ સોયરે નવલકથા લખવા માટે પહેલીવાર ટાઇપરાઇટરનો ઉપયોગ કર્યો હતો.


**AGNELO FREE MARRIAGE SERVECES, INDIA**
agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332



**ગ્લોરી કેટરીંગ સર્વીસ**
આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો
ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ
સંપર્ક:
એ.એમ.મેકવાન
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪


# લોકો અચ્છે દિનની રાહ જોઇ રહ્યા છે: કેબિનેટમાં ફેરફાર કરવાની સરકારની રાજકીય અનિવાર્યતા : શિવસેના

ભાજપના સાથી પક્ષ શિવસેનાએ કહયુ હતુ કે કેન્દ્રીય મંત્રીમંડળમાં ફેરફારની રાજકીય અનિવાર્યતા હતી.નરેન્દ્ર મોદીની સરકારને ત્રણ વર્ષ પુરા થયા પછી પણ તેમના પ્રયોગો ચાલુ હતા.પરંતુ હજુ સુધી તેમણે આપેલા વાયદા મુજબ લોકોને અચ્છે દિનનો અહેસાસ થયો નથી ઉલ્ટાનું પરિસ્થિતિ દિવસે દિવસે વધુ બગડતી જાય છે તેવુ લાગી રહ્યુ છે. જેથી સરકારમાં બદલાવ લાવીને લોકોની બદલાયેલ માનસિકતા પર મલમ લગાડવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.પોતાના મુખપત્ર સામનામાં શિવસેનાએ સરકારની ટીકા કરતાં કહયુ હતું કે પોર્ટફોલિયોની વહેચણી એ ભાજપની આંતરિક બાબત છે. અમે ચુપ ન રહી શકીએ કેમકે તેની અસર રાષ્ટ્રિયસલામતી અને દેશના વિકાસ પર પડે છે.શિવસેનાએ કહયુ હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપના વડા અમિત શાહે જે લોકોને પસંદ કર્યા છે કે સામેલ કર્યા છે તે તેમના જ લોકો છે.ભાજપે કેટલાક લોકોને હાંકી કાઢવા માટે વધતી વયને જવાબદાર ગણાવી હતી.પરંતુ કેબિનેટમાં યુવાઓને સામેલ કર્યા નથી તેમ કેન્દ્ર અને મહારાષ્ટ્રમાં ગઠબંધનમાં રહેલી શિવસેનાએ કહ્યુ હતું.



નોટબંધી સંપુર્ણરીતે નિષ્ફળ નીવડી છે.ફુગાવો અને બેરોજગારી વધી રહી છે. ભોજન,કાપડ અને આશ્રય સ્થાન જેવી મુળભુત જરુરીયાતો સંતોષવાનું બાકી રહ્યું છે.મોંઘવારીના ચક્કરમાં પ્રજા પીસાઇ રહી છે. ખેડુતો ભારે મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે.અનેક મોરચે સરકાર સફળ રહી નથી.

# ગુજરાત વિધાનસભાની ચુંટણીના પ્રચાર માટે કોગ્રેસે શ્રી ગણેશ કર્યા : કોગ્રેસના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીએ રિવરફ્રન્ટ ઇવેન્ટ સેન્ટર પર કાર્યકરો સાથે સંવાદ યોજ્યો

કોગ્રેસના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીએ અમદાવાદના રિવરફ્રન્ટ ઇવેન્ટ સેન્ટર પર પક્ષના સેકડો કાર્યકરો સાથે સંવાદ યોજીને ગુજરાતની વિધાનસભા ચુંટણીના પ્રચારનું રણશીંગુ ફુંક્યુ હતું. રાહુલ ગાંધીએ જણાવ્યુ હતું કે રાતોરાત કોગ્રેસમાં આવતાં આયાતી ઉમેદવારોને વિધાનસભાની ચુંટણીમાં ટિકિટ નહીં મળે.અશોક ગેહલોતને ગુજરાત મોકલ્યા ત્યારે જ કહી દીધું હતું કે પેરાશુટ, સિસ્ટમથી કોઇને ટીકીટ ન મળવી જોઇએ. જે લોકો જમીન પર રહીને ભાજપ-આરએસએસ સામે લડે છે તેને ટીકીટ આપીશું.આ કાર્યક્રમમાં ૩૦ હજારથી વધુ કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

રાહુલ ગાંધીએ કહ્યુ હતું કે ગુજરાતમાં ખેડુતો માથે રુ.૩૬ હજાર કરોડનું દેવું છે.મોદી સરકારે તાતા નેનો પ્રોજેકટ માટે ૬૦ હજાર કરોડનો ફાયદો કરાવ્યો છે.જો તાતા નેનોને બદલે ગુજરાતના નાના વેપાર ઉદ્યોગને ૬૦ હજાર કરોડનો આ ફાયદો કરાવ્યો હોત તો ગુજરાતમાં વધુ લોકોને રોજગાર મળત. આજે આપણી લડાઇ ચીન સાથે છે.આજે આપણે ત્યાં કેમેરા,મોબાઇલ,સહિતની દરેક વસ્તુ મેઇડ ઇન ચાઇનાની જોઇએ છે.દેશના નાના વેપાર ઉદ્યોગો જ ચાઇનાનો મુકાલબલો કરી શકે છે.પરંતુ કમનસીબે મોદી સરકાર ૪૦-૫૦ ઉદ્યોગપતિઓ માટે જ કામ કરે છે.રાહુલે ગુજરાતમાં આગામી સમયમાં કોગ્રેસ જ સરકાર બનાવશે તેવા દાવા સાથે કહ્યુ કે અમારી સરકાર મધ્યમ અને નાના કદના ઉદ્યોગો પર ફોક્સ કરશે ને તેમને પુરતી મદદ કરશે તેવું આશ્વાસન આપ્યું હતું.

જીએસટી વિશે રાહુલે કહ્યુ હતું કે એનડીએ અને કોગ્રેસના જીએસટીમાં અંતર છે.જીએસટીમાં આટલા બધા સ્લેબ ન હોવા જોઇ. ૨૮ ટકાના દર ને બદલે ૧૮ દર હોવા જોઇએ. નાના વેપારીઓને જીએસટીના અમલીકરણ માટે ટ્રાયલનો સમય પણ સરકારે આપ્યો નથી.

નોટબંધી બાબતે રાહુલ ગાંધીએ કહ્યુ હતું કે મોદીને ૫૦૦-૧૦૦૦ની નોટ ના ગમી એટલે તેમણે કોઇને પુછ્યા વગર જ નોટબંધીનો નિર્ણય કર્યો.નોટબંધી બાદ ૯૯ ટકા નાણાં પરત આવ્યા છે.નોટબંધીથી નાના વેપાર ઉદ્યોગને ફટકો પડ્યો છે.કરોડો લોકોને નુકસાન થયું છે.નોટબંધી બાદ કાશ્મીરમાં આતંકવાદ વધ્યો છે.જીડીપીમાં ૨ ટકાનો ઘટાડો નોધાયો છે.એનડીએની સરકાર ત્રણ વર્ષની કામગીરીમાં નિષ્ફળ નીવડી છે.માત્ર સફળતાનોપ્રચાર જ કર્યો છે.

**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.તમારી જાગૃતતા અમારુ બળ છે.

**નવક્રાન્તિ સાપ્તાહિક**
૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ નગર
અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-
૦૭૯ ૬૫૨૧૪૭૫૬



**વિનંતી**
**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**


સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત
**કેર કોમ્પ્યુટર સેન્ટર**
ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,
કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.
**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઇવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫
**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઇસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧



તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.